૨૯૯૭

गरबावळी.

भाग १ लो.

જ્યારે રામચંદ્રજી તથા લક્ષ્મણજી વનવાસ ચાલ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે હું પણ સાથે આવીશ, તે સમે રામચંદ્રજીએ કહ્યું કે, તમે પિયર જાઓ અથવા અહિં રહો,

તે વિષેનું ધોળ. ૧

'મામેરૂં મોંઘા મૂલનું'એ રાગનું, પણ તેમાં એક ટ્રોઢ જાસ્તી વળેછે.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં; સતી સીતાને આવતાં સાથ, કહે રઘુનાથ; પધારો પીયર પ્યારી.

નહિતો અહિં રહો સસરાના રાજમાં; હેતે હળીમળી સાસુ સંગાથ, નહિતો જોડી હાથ; પધારો. ૧

અમે વસ્તીમાં નહિ વસિયે વીનતા; અમે કરશું જઈ વનવાસ, તમે પામો ત્રાસ; પધારો.

સાથે રથ કે ઘોડું નહિ રાખીએ; નહિ રાખિએ દાસી કે દાસ, કોઇ અમ પાસ; પધારો. ૨

તમે કોશનો પંથ કિધો નથી; ચરણે ચાલવાથી પામો થાક, લીટી ખેંચો નાક; પધારો પીયર.

અમે વનફળ ખાઈ ખુશીમાં રહેશું; કોઈદિવસે તો કેવળ શાક, વિના લુણ પાક; પધારો. ૩

વનમાં નથિ મંદીર નથી માળીયાં; નથિ પહોડવા કાજ પ-

લંગ, રંગીત નવરંગ; પધારો.

કરશું ઘાસ કે પાનની ઝુંપડી; સુવા સાથરો તે ખુચે અંગ, એમાં શો ઉમંગ; પધારો. ૪

વનમાં હીરનાં ચીર તો નહીં મળે; વનમાં નહિ મળે ફરતાં ફૂલેલ, કે તેલ ધુપેલ; પધારો.

વનમાં નહિ મળે શાણી સાહેલીયો; કરશો કે સંગે ખાંત્યથી ખેલ, ઉમંગ ભરેલ; પધારો. ૫

ઉષ્ણકાળે વાશે ઊંના વાયરા; એવું દેખીને થાશો ઉદાસ, જ્યારે જેઠ માસ; પધારો.

વરસે મેઘ ને ઝબકશે વીજળી; તેવે ટાણે તો તરૂ તળે વાસ, નહીં છત્ર પાસ; પધારો. ૬

વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા; ચારે તરફ ફરે બહુ ચોર, જેનું ઘણું જોર; પધારો.

વનમાં વાઘ વરૂ ને વાંદર જેવાં; ઘણાં વિચરે જનાવર ઘોર, બચે નહિ ઢોર; પધારો. ૭

મોટા પરવત દેખીને માનની; તમે નજરે જોયા નહિ જાય, દિઠે ખાવા ધાય; પધારો.

તમે રાજકન્યા કાયા કોમળી; વનવાસનાં દુખ ન વેઠાય, કાયા કરમાય; પધારો. ૮

ઘરમાં અંધારૂં દેખી ડરો ઘણાં; નથિ નિસર્યાં કદી ઘરબાર, છો નાજુક નાર; પધારો.

તમે છોટી ઉમર વર્ષ સોળનાં; નથિ સંકટ વેઠયાં લગાર, તમે કોઈ વાર; પધારો. ૯

પરણી આવીને પીયર ગયાં નથી; તમને મળવાને ઈચ્છે

છે માય, ચોંપે ચિત ચાય; પધારો.

રાજા જનકજી તમને જંખે ઘણા; તેના સંદેશા આવે સદાય, તેડાં પાછાં જાય; પધારો. ૧૦

ભાત ભાતનાં ભોજન ભાવતાં; તમને મોકલશે મહિપાળ, પુરાવીને થાળ; પધારો.

અમે અવધે ફરી જ્યારે આવીશું; લેશું સ્નેહે તમારી સંભાળ, ત્યારે તતકાળ; પધારો. ૧૧

રૂડી મિથિલાપુરી મન માનતી; તેમાં પામશો પરમ વિરામ, છે બાપનું ગામ; પધારો.

ગોરી તમને ગમે તેમ હું કરૂં; એમ દલપતરામનો શ્યામ, કહે રાજા રામ; પધારો પિયર પ્યારી. ૧૨

પછી સીતાજી બોલ્યાં તેનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી સીતાજી કહે, શુણો સુંદર શ્યામ સુજાણ; પ્યારા મારા પ્રાણ; સાથે રાખો સ્નેહથી.

જુદા પડવાની વાત વા'લા કહો; તેતો બોલ લાગે તીખા બાણ, રઘુકુળ ભાણ; સાથે રાખો. ૧

સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહરૂં; તમથી વેગળી તે પરદેશ, હું જાણું હમેશ; સાથે રાખો.

તમે જોગીનો વેશ જો ધારશો; તો હું જોગણનો ધરૂં વેશ, જટા કરૂં કેશ; સાથે રાખો. ૨

સ્વામી તમેરે સુખી તો સુખ માહરે; તમે દુખમાં તો દુખ મારે દેહ, એમાં શો સંદેહ; સાથે રાખો.

જે કોઇ પરણ્યા પછી રહે પિયરમાં; અવતાર બળો ધીક એહ, મુઆ જેવી તેહ; સાથે રાખો. ૩

સ્વામી તમવિના મંદિર ને માળીયાં; ભાસે પરવત મોટા સમાન, વસ્તી તો વેરાન; સાથે રાખો.

મહાવનમાં ભરી વસ્તિ ભાસશે; જ્યારે પામીશ દરશન દાન, કૃપાના નિધાન; સાથે રાખો. ૪

સાસુ સસરા ને માત પિતા સઉ; ભલે જીવો કરો રૂડાં રાજ, મને મહારાજ; સાથે રાખો.

સ્વામી શૂં કરૂં ભાઇ ભોજાઇને; સ્વામી શૂં કરૂં સૈયર સમાજ, કેનું નથી કાજ; સાથે રાખો. ૫

સાચું સગપણ જગમાં સ્વામી તણું; બીજો સ્વારથિ સઘળો સંસાર, કુટુંબ પરિવાર; સાથે રાખો.

મારાં લાડ પાલણ તમે લાલજી; બીજો નથી આંસુનો લો'નાર, કે એકે આધાર; સાથે રાખો. ૬

કાયા પ્રાણ થકી જો જુદી રહે; તો હું તમથી જુદી પડી છેક, જીવૂં તજી ટેક; સાથે રાખો.

જો કોઇ જળથી જુદી પાડી માંછલી; રાખે દૂધમાં કરી વિવેક, જીવે પળ એક; સાથે રાખો. ૭

તમે સુખના સાગર રહો વેગળા; પછી શું કરૂં રાજ ને પાટ, હવેલીના ઠાઠ; સાથે રાખો.

મને હીરનાં ચીર ગમે નહીં; મને ન ગમે ઘરેણાંના ઘાટ, મટાડો ઉચાટ; સાથે રાખો. ૮

હુંતો તમને દીઠે થાઊં દેખતી; અણ દીઠે તો આંધળી ભીં-ત, જનમની એ રીત; સાથે રાખો.

મેંતો સ્નેહ તોડ્યો સર્વે લોકથી; બાંધી તમ સંગે પૂરણ પ્રીત, ચોરાવું છે ચિત; સાથે રાખો. ૯

જમતું જીવન તમથી જુદાં પડી; હોય વિધવિધનાં પકવાન, તે વિખનાં નિશાન; સાથે રાખો.

કરિયે ભોજન તમ સંગે ભાવથી; હોય કેવળ શાક કે પાન, તે મેવા સમાન; સાથે રાખો. ૧૦

પડશે તડકા ને તાપ વૈશાખના, તેતો જાણીશ ચંદ્ર પ્રકાશ, રહી તમ પાસ; સાથે રાખો.

મુજને મેલી જો પંથ પધારશો; આવી મળવાની ધરશો ન આશ, નિશ્ચે પામું નાશ; સાથે રાખો. ૧૧

કરતિ વાત ઢળી પડી ધરણીએ; નારી જાનકી થઇને નિરાશ, કહે લેતી શ્વાસ; સાથે રાખો.

દયા કરિ દેવ દલપતરામને; સતી સીતાને દેખી ઉદાસ, જતાં વનવાસ; સાથે રાખ્યાં સ્નેહથી. ૧૨

રામચંદ્રજીએ સીતાજીને કાગળ લખ્યો તેનું ધોળ.

"ગામેરૂં મોંઘા મૂલનું." એ રાગનું.

સ્વસ્તિશ્રી પૂરી લંકા સોહામણી;
જ્યાં રાજેછે જનક કુમારી, પ્રીતમ લખે પ્યારીને.
રહો અખંડ એ'વાતણ તમતણું;
એવી આશીષ વાંચો અમારી, પ્રીતમ લખે પ્યારીને. ૧
એસું બાગ બગીચે કે બંગલે;

રહું તમવિના અધિક ઉદાસ, પ્રીતમ લખે પ્યારીને. ૨
તારો સ્નેહ ઘડિયે ઘડી સાંભરે;
તારો ભાવ ભુલ્યો કેમ જાય, પ્રીતમ લખે પ્યારીને.
તારા હેતથી હૈડું ભરાય છે;
તેતો લેખણુથી ન લખાય, પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અર્થે તમે બાળાપણ થકી;
તજ્યાં સઘળો પીયર પરિવાર, પ્રીતમ લખે પ્યારીને.
મારાં લેશ વચન નથી લોપિયાં;
નથી કોપીયાં કદીએ લગાર, પ્રીતમ લખે પ્યારીને. ૪
તારી નમ્રતા અમૃતથી ગળી;
વળી શોભિતો શાંત સ્વભાવ, પ્રીતમ લખે પ્યારીને.
જેથી મનની ઉદાસી તુરત મટે;
તારા બોલનો એવો બનાવ, પ્રીતમ લખે પ્યારીને ૫
ગોરાદે તારા ગુણ કેમ વીસરે;
કેમ વીસરે વા'લપ ભર્યા વેણ, પ્રીતમ લખે પ્યારીને.
હેતે હસતું વદન તારૂં વીનતા;
મારાં નીરખવા તલખેછે નેણ, પ્રીતમ લખે પ્યારીને, ૬
દિવસે તુજવિના દિલમાં ગોઠે નહીં;
પીતું પાણી કે જમતું અનાજ, પ્રીતમ લખે પ્યારીને.
રાતે રોઈને આંખો રાતી થઈ;
લોક પૂછેતો આવે છે લાજ, પ્રીતમ લખે પ્યારીને. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી;
કાલે ભાગશે ભવના વીજોગ, પ્રીતમ લખે પ્યારીને.
જેથી રીઝે આપણુને જગતપતી;

એવો અહોનીશ કરવો ઉદ્યોગ, પ્રીતમ લખે પ્યારીને. ૮
જે જે વૃદ્ધ પાડોશીયો શુદ્ધ છે;
તેને પ્રીતથી કહેજ્યો પ્રણામ, પ્રીતમ લખે પ્યારીને.
વિભીષણ મારા મિત્ર પવિત્રને;
કહેજ્યો જરૂરનું હોય જો કામ, પ્રીતમ લખે પ્યારીને. ૯
જોઇતી વસ્તુ જરૂર મંગાવજો;
કશી વાતે મુઝાશો ન મંન, પ્રીતમ લખે પ્યારીને.
કાલે દેખીશું દીવસ આનંદના;
જાશે વિસરી આ દુઃખ ભર્યાં દંન, પ્રીતમ લખે પ્યારીને. ૧૦
જે જે પ્યારી તમારી સાહેલીયો;
તેને પણ મારા કહેજ્યો જૂહાર, પ્રીતમ લખે પ્યારીને.
સાસુ સસરાની આશીષે સુંદરી;
ગળશું ભામનીને ભરતાર, પ્રીતમ લખે પ્યારીને. ૧૧
વધે સ્નેહ ને સંપ સુજન સાથે;
તેવી તન મન રાખજ્યો ટેવ, પ્રીતમ લખે પ્યારીને.
અમે થોડી અવધે હવે આવીશું;
એમ દલપતરામનો દેવ, પ્રીતમ લખે પ્યારીને. ૧૨

સીતાજીએ રામચંદ્રજીને કાગળ લખ્યો તેનું ઘોળ.

રાગ ઉપર પ્રમાણે.

સ્વસ્તિશ્રી સુભસ્થાન સોહામણૂં;
જ્યાં રાજે સદા રઘુનાથ, કાગળ લખે કામની.
લખે લંકા થકી સીતા સુંદરી;

હેતે વંદે જોડી જોડ હાથ, કાગળ લખે. ૧
  પત્ર આવ્યો તમારો પ્રીતે ભર્યો;
વા'લા વાંચી થયો વીશરામ, કાગળ લખે.
  પણ જીવન તમથી જુદાં પડયે;
ઘણા દિવસ થયા ઘનશામ, કાગળ લખે. ૨
  માટે મળવાને મન અકળાય છે;
ઘડી એક તે જુગ જેવી જાય, કાગળ લખે.
  મારાં નેણુનાં નીરથી નાથજી;
સૂતાં રજનીમાં સેજ ભીંજાય, કાગળ લખે. ૩
  ઘેર ચાલો હવે તો ઘણી થઈ;
નહિતો જીવડો જાશે જરૂર, કાગળ લખે.
  દૈવે પાંખો આપી હોય પીંડમાં;
ઉડી આવું દેશાવર દૂર, કાગળ લખે. ૪
  વા'લા નિત્ય નવી વારતા વાંચીએ;
જેથી પામીએ પૂરો પ્રમોદ, કાગળ લખે.
  ચતુરાઇના ચોજ હું ચાળવું;
આવો વિધાના કરીએ વિનોદ, કાગળ લખે. ૫
  તાંબાકુંડી ઊંડી રૂડી ઓપતી;
ભાવે ભરૂં માંહી નિરમળાં નીર, કાગળ લખે.
  બેસો બાજોઠે ચડી મારા ચોકમાં;
સ્વામી નવરાવું ચોળી શરીર, કાગળ લખે. ૬
  કરૂં સરસ રસોઇ રૂડી રીતથી;
પ્રીતે પિરશીને બેસું હું પાસ, કાગળ લખે.
  એવા દિવસ તે ક્યારે દેખાડશો;

ક્યારે અંતરની પૂરશો આશ, કાગળ લખે. ૭
સ્વામી તમ વિના પીયર ને સાસરૂ;
સુનો લાગેછે સઘળો સંસાર, કાગળ લખે.
મારા માથાથી મોંઘા પ્રભૂ તમે;
મારા આતમાના છો આધાર, કાગળ લખે. ૮
આવે પરવના દિન સુખ સરવને;
હુંતો શોકે ઉદાસી સદાય, કાગળ લખે.
ગાજે મેઘ ને દમકે જો [1]દામની;
આખી જામની જંપ ન થાય, કાગળ લખે. ૯
હુંતો સૂતી દેખું સૂખ સેજડી;
ખાલી મંદિર ખાવાને ધાય, કાગળ લખે.
ભરી વસ્તી ઉજડ જેવી ભાસેછે;
એક તમ વિના ત્રિભુવન રાય, કાગળ લખે. ૧૦
વા'લા હું તમને કેમ વિસરી;
કેમ વિસર્યું દાદાનૂં વતન, કાગળ લખે.
પત્ર વાંચીને વેહેલા પધારજો;
સ્વામી શરિરનાં કરજો જતંન, કાગળ લખે. ૧૧
કોઇને દુખિયાં દેખીને દુઃખ પામતા;
તેવી નાથ તમારી છે ટેવ, કાગળ લખે.
આવે અવસરે કેમ કઠણુ થયા;
તમે દલપતરામના દેવ, કાગળ લખે કામની. ૧૨

---

૧. વિજળી.

સુધરેલી સ્ત્રી વિષે પદ. ૩

"શેઠ સગાળશા સાધુને સેવે." એ રાગનું છે.

જેને સુધરેલી નારી રે, સદા સુખી તે સંસારી. ટેક.
નિરમળ નમણાં દીસે નિરંતર, નેહ ભરેલાં નેણ;
મનને હરે એવાં મુખથી ખરતાં, વીણિને લઇયે વેણ; જેને. ૧
સ્વામીના ચિત્તમાં શોક કે ચિંતા, જો જાણે લવલેશ;
હેતે હસાવીને હિંમત આપે, કાપે સઘળો કલેશ; જેને. ૨
પૂછીને જોતાં પ્યારા પતીની, જો મરજી ન જણાય;
પરઘેર તો શેનું પગલુંજ માંડે, પીયર પણ ન જવાય; જેને. ૩
વરજીના મનની મરજી પ્રમાણે, કામ સદા કરનાર;
સુંદરી એ ભાગ્યશાળીના સારૂ, સરજી સરજનહાર; જેને. ૪
સુપનામાં કદિ કોઇની સાથે, ટંટો કરે નહીં તેહ;
મેલ વિનાનું મન પણ નિરમળ, નિરમળ દીસે દેહ. જેને. ૫
આપે પ્રભુ એવો વૈભવ પામી, પામે પુરો સંતોષ;
સંકટમાં પણ સ્વામીની સાથે, રંચ ન રાખે રોષ; જેને. ૬
ગામમાં હોય ગરીબ પોતાથી, તેનૂં જુવે સુખ તોલ;
દોલતવાળાની દોલત દેખી, બોલે ન હલકા બોલ; જેને. ૭
સ્વામીનો શુદ્ધ સ્વભાવ ગમે, મન રાચે સ્વામીને રૂપ;
પરપતિને તો પત્થર જેવો જાણે, હોય જો ભારે ભૂપ; જેને. ૮
સાંભળે શબ્દ શિખામણના તે, જીવમાં ચોટી જાય;
દુરગુણ દેખીને દૂરથી નાસે, સદગુણ શિખે સદાય; જેને. ૯
આળસ ઊંઘ અતીશે ન દીસે, દીસે ઉદ્યોગી અંગ;

ગંદકી તો જેને દીઠીજ ન ગમે, ન ગમે નઠારો સંગ; જેને.૧૦
સ્નેહ વધારે ને શોક ઘટાડે, લોકમાં પામે લાજ;
એવી મળે જો આ દુનિઆમાં, સ્વર્ગ ઇચ્છે શા કાજ; જેને.૧૧
પૂરણ પુન્યથી પુરૂષ પામે, નૌતમ એવી નાર;
દલપતરામ કહે દુનિંયમાં, ધન્ય એનો અવતાર; જેને. ૧૨

ભૂંડી ભારજા વિષે પદ. ૪

રાગ પાછળ પ્રમાણે.

ભાઇયો જેની ભારજા ભુંડીરે, તેને પીડા અંતર ઉંડી. ટેક.
લાજ તજીને લડાઈ કરે નીત, ભાળવા લોક ભરાય;
સારા માણસના ઘરનું વગોણું, જોણું જગતને થાય; ભાઇ. ૧
જેમ બિલાડી ઊંદરને જુવે, એમ નાથ સામાં કરી નેણ;
પગથી તે પ્રગટે માથા લગી, એવાં વાંકાં કાઢે વેણ; ભાઈ. ૨
ચાર ઘડી પેઉ અઉટે ટળે ત્યારે, સુખ બંનેને થાય;
ધડિયે આવીને ઘેર બેસે ત્યારે, શેર લોહી સૂકાય; ભાઈ. ૩
પો'ર ચડે દીન પોઢીને ઊઠે, ચોપે લડાઇનો ચાલ;
જો લડનાર કોઇ ન જડે તો, પડતા જે પોતાનાં બાળ; ભાઈ. ૪
સ્નેહ કરી કદી સ્વામી સંધાતે, બેસી ન બોલે વાત;
ધુમાડાની પેઠે ધુંધવતી રહે, રોષભરી દિન રાત; ભાઇ. ૫
પેઉ થકી તો ધણીજ પોતામાં, સમજણ જાણે સદાય;
દૈવ થાકે તો મનુષ્યના મુખની, શિખામણે શું થાય; ભાઈ. ૬
પંડીત શાસ્ત્ર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજી મુરખીના મોઢાના, તેજ ઠુંકારા ખાય; ભાઈ. ૭
જેને વિતી હોય તે નરજાણે, આણે બીજા અહંકાર;

ડા'પણનો દલમાંહી કદી, કોઈ ગરવ ન કરશો લગાર; ભાઈ.૮

દુષ્ટ નર વિષે પદ. ૫
રાગ ઉપર પ્રમાણે.

કહું નર દુષ્ટની કહાણીરે, સુણો સહુ સ્નેહજ આણી. ટેક.
મોડું વે'લું કામ સુધરે કે બગડે, એ માણસ માત્રની રીત;
પોતે કર્યું તેતો પાધરૂં જાણે ને, નારીને મારે નિત્ય; કહું. ૧
સાસુ નણંદ દેરાણી જેઠાણીના, સાચા જુઠા સુણી બોલ;
વાંક વિના વનિતાને તર્જેતો, તે નર ખરને તોલ; કહું. ૨
કાગડે ઘેરચું ધુડ ફરે તેમ, ગોરી સદા ગભરાય;
ઘરનાં કરે સૌ દ્વેષ ઘણેરો, તેથી જુદો નહિ થાય; કહું. ૩
સાસરીયાંની સાથે લડી કાઢે, રાંડ ઉપર તે રીસ;
સારા મનુષ્યની શિક્ષા ન માને, જેને રૂઠ્યા જગદીશ; કહું. ૪
માનનીનું અપમાન કરે નીત્ય, ગાય નઠારી ગાળ;
તુછ ગણી તિરસ્કાર કરેતો, તે નરનું મોહો બાળ; કહું. ૫
સમજુનો ટંટો તુરત ટળે કોઇ, ઘરડું આવી કહે ઘેર;
ઊંહું કહે કે આડું જુવે તેનો, પાર આવે શી પેર; કહું. ૬
પોતે તો ખાય પીએ ઘણું સારૂં ને, વસ્ત્ર ધરે શુભ રીત;
નારીને આપે નિત્ય નઠારૂં તો, કહો કેમ પ્રગટે પ્રીત; કહું. ૭
સ્વામી સાંભળતાં વાંક વિના આવી, કામનીને લડે કોય;
સારી રીતે સમાધાન કરે નહિ, હીજડા જેવો હોય; કહું. ૮
પીયરિયાં પટકુળ ન પૂરે તો, સ્વામી કરે સંતાપ;
સ્વામી નહિ એતો સ્વામી સ્વરૂપે, પેલા જનમનાં પાપ; કહું.૯

શિયળનું ઘોળ. ૬

(શિયળ એટલે વ્યભિચાર ન કરવા વિષેનું.)

" બૌચર ભલે આવીયાં, " એ રાગનું છે.

સુણો સમજુ સકળ નર નારિયો;
મોટો શિયળ તણો મહિમાય, શિયળ પાળો સ્નેહથી.
જે કોઇ શિયળ સારી રીતે સાચવે;
સરવે સુફળ મનોરથ થાય, શિયળ. ૧
સોના રૂપાની શોભા ન સમજીયે;
શોભા સરસ શિયળ શણુગાર, શિયળ.
જેવાં નકટાંને ભૂષણ નાંખિયાં;
એવાં શિયળ વિના નર નાર, શિયળ. ૨
વધે લાજ અધિક ઠિક લોકમાં;
પરલોકમાં મુક્તિ પમાય, શિયળ.
સુખ સંપતી શિયળથી સેવીએ;
રિઝે જગકરતા જગરાય, શિયળ. ૩
માટે શિયળ સરવ વીધે સાચવો;
તજો કામી હરામીનો સંગ, શિયળ.
જરિયે ડરિયે ન મરણુના ડર થકી;
ભારે ડરિયે શિયળ થતે ભંગ, શિયળ. ૪
તજી લાજ બેઅદબી ન બોલીએ;
નહી ડોલિયે મદ છક માંહિ, શિયળ.
નીચી નજરે સરલ ચીતે ચાલીએ;
હાંશી મશ્કરી કરિયે ન કાંહિ, શિયળ. ૫

ફાટી આંખે ફરે જે કોઈ ફાતડા;
તેનું દાટિએ માટીમાં મુખ, શિયળ.
તજવી તજવી સોબત નિત્ય તેહની;
જેણે લજવી જનેતાની કૂખ, શિયળ. ૬
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે;
જેણે કુળને લગાડ્યો ન ડાઘ, શિયળ.
ભણિ ગણિને જે શિયળ ન સાચવે;
એના ભણતરમાં ઉડી આગ, શિયળ. ૭
હૈયાફુટા બોલે બોલ હાંશીએ;
દેખી ફાંશીને નાશીએ દૂર, શિયળ.
શિક્ષા સુંદર દલપતરામની;
જાણી કામની શીખો જરૂર, શિયળ. ૮

શિયળ વિષેની ગરબી. ૭

"સુણજો સાહેલીરે." એ રાગની.

શિયળ તણો મહિમા બહુ મોટો, ખોટો નથી ખરોછે જીરે;
વેદ પુરાણ કુરાન કિતાબે, અધિક અધિક ઉચરયો છે,
સુણજો સજનો જીરે; ટેક.
શિયળ વિના સદગુણ-સમ્રળાથી, જરિયે નહિ શોભાવો જીરે;
પાઘડી પેહેરી પામરિથી, નહિ શોભે નાગો બાવો; સુણજો. ૧
હાંડી ઝમરૂખ તખતા માંડી, શોભાવ્યું ઘર સારૂં જીરે;
દિવા વિના અંધારા ઘરમાં, સૌ દેખે અંધારૂં; સુણજો. ૨
સરવે અંગે સાજૂ તાજૂ, નાવ નવીન બનાવ્યું જીરે;
પણ તેમાં એક છીદ્ર પડ્યું તો, તરી ન તેડે આવ્યું; સુણજો. ૩

પરમેશ્વરનું બહાનું પકડે, શિયળ ન પાળે સાચું જીરે;
કવાથ પિયે ને ક્યરી ન પાળે, તો જીવ્યાનું કાચું; સુણજો. ૪
પુન્ય દાન કે પ્રારથનાથી, જરીએ પાપ ન જાશે જીરે;
લાંચ સિપારશ લેશ ન ચાલે, પરમેશ્વરની પાસે; સુણજો. ૫
જો બાળા-પણુથી ડાહાપણુમાં, ખાંપણ ખોટું મળશે જીરે;
બુઢાપણુ આપણુને આવે, તોપણુ તે નહીં ટળશે; સુણજો. ૬
શિયળ થકી સંપૂરણુ થાશે, પરમેશ્વરની પ્રીતી જીરે;
દલપતરામ કહે દુનિયામાં, સુખદાયક શુભ નીતી; સુણજો. ૭

સંપ વિષેની ગરબી. ૮

"મીઠડાં ગોરસ લ્યોરે ગોરસ લ્યો."

એ રાગની છે.

દેશમાં સંપ કરોરે સંપ કરો.
હાંરે જે કોઈ સંપ તજીને સુખ માગે;
તેના સુતેલા શત્રુ જાગેરે, દેશમાં સંપ. ૧
હાંરે તજી સંપ લડાલડી આવે;
તેમાં તુરત ત્રિજાને ફાવેરે, દેશમાં સંપ. ૨
હાંરે જે કોઇ વીઘા જમીન સારૂ લડતા;
રાજ ખોઇને રહ્યા હવે રડતા રે, દેશમાં સંપ. ૩
હાંરે હજુ હઈયે વિચારી નહિ જોશો;
ખરેખાત છે હાથમાં તે ખોશો રે, દેશમાં સંપ. ૪
હાંરે તમે ટંટા ધરમના ટાળો;
જે જે પ્યારો લાગે તે ધર્મ પાળો રે, દેશમાં સંપ. ૫
હાંરે છળ દગા કપટ દો છોડી;

આખા દેશની થઇ આબરૂ થોડીરે, દેશમાં સંપ. ૬
હાંરે કરિ સંપ કાંઈ હુંનર હલાવો;
ફરિ દેશની દશા ફેરવાવો રે, દેશમાં સંપ. ૭
હાંરે કોઈનું સારૂં દેખીને શીદ દાઝો;
તેને બુડાડી મારવા ન બાઝો રે, દેશમાં સંપ. ૮
હાંરે માનો દલપતરામની વાણી;
પક્ષપાત વિના સત્ય પ્રમાણી રે, દેશમાં સંપ. ૯

રાગ હોરી. ૯

"રંગરેજ ચુનર મોરી રંગ દે."

એ રાગની છે.

ગોરી વશિયે સદા સંપ કરિને,
જોને ગયા તે દિવસ નહિ દેખિયે ફરીને; ટેક.
કલેશ તો લેશ કદાપિ ન કરિયે,
હેતે સંભારિએ હરિને; જોને. ૧
માનવિમાં મોટી કીરતી મેળવિયે,
ઉંચાં આચરણ આચરીને; જોને. ૨
સંપની સંપત્તિ સંચિયે સઘળી,
દિલમાં કુસંપથિ ડરિને; જોને. ૩
સંસારનું સુખ પામિયે સરસું,
મુક્તિ મળે વળિ મરિને; જોને. ૪
જાનકી, દ્રુપદી, ને કુંતાજી સતિયો,
વરતો એને અનુસરીને; જોને. ૫
કલેશી મનુષ્ય સુખ કોઇને થવા દે ન,

સ્થિર ન બેસે પોતે ઠરીને; જોને. ૬
તિલભર તાપ ન રાખિયે તનમાં,
મનમાં ધિરજ ઘણી ધરિને; જોને. ૭
હેતથી હળિ મળિ હરખમાં વશિયે,
વહુવર વિગતિથી વરિને; જોને. ૮
પૂરણ રાખિયે પ્રેમ પરસ્પર,
તે નહિ જાય ઉતરિને; જોને. ૯
ટાળિયે તનના સંતાપ ને ચિંતા,
એક બીજાને ઉચરિને; જોને. ૧૦
સુખની ઘડી કેમ દુખમાં ગમાવે,
ભાવે બોલો ખુશિ ભરિને; જોને. ૧૧
દલમાં વિચારીને વિગતે શિખામણ,
શિખે તો સારી સુંદરિને; જોને. ૧૨

ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટીની ગરબી. ૧૦

"મને રસ્તા વચ્ચે રોકીરે, છેલ છબીલા છોગાળા."
એ રાગ.

પરિ પૂરણ ભાગ્યે પ્રગટીરે, વર્નાક્યૂલર સોસાઇટી.
જેણે લુચ્ચાઈને કરી નકટી રે, વર્નાક્યૂલર. ૧
સંવત ઓગણિસે પાંચો રે, વર્નાક્યૂલર.
જેનું જન્મ વર્ષ એ વાંચો રે, વર્નાક્યૂલર. ૨
ફળ ઇચ્છક સાહેબ ફાર્બસ રે, વર્નાક્યૂલર.
વળિ વાલિસ ને કુલ જેમસ રે, વર્નાક્યૂલર. ૩

ગુજરાતી રાજા રાણા રે; વર્નાક્યૂલર.
બહુ મેંબર માંહિ લખાણા રે, વર્નાક્યૂલર. ૪
મુળ રાજનગરમાં[1] રોપ્યાં રે, વર્નાક્યૂલર.
પછિ સિવર્ડને તે સોંપ્યાં રે, વર્નાક્યૂલર. ૫
સંદેસા પત્ર છપાવ્યાં રે, વર્નાક્યૂલર.
તે ખાંતે ખૂબ ખપાવ્યાં રે, વર્નાક્યૂલર. ૬
કરિ પુસ્તક સંગ્રહ પ્રીતે રે, વર્નાક્યૂલર.
કરિ નિશાળ રૂડી રીતે રે, વર્નાક્યૂલર. ૭
બાળકિયો ભણવા બેઠી રે, વર્નાક્યૂલર.
એ રીત પ્રથમથી પેઠી રે, વર્નાક્યૂલર. ૮
બહુ નવા નિબંધ રચાવ્યા રે, વર્નાક્યૂલર.
કવિયોના શોધ કરાવ્યા રે, વર્નાક્યૂલર. ૯
સંવત આઠાની સાલે રે, વર્નાક્યૂલર.
સંભાળી ભોગીલાલે રે, વર્નાક્યૂલર. ૧૦
સાહેબ કરટીસને સોંપી રે, વર્નાક્યૂલર.
એણે ઓપ ઘણો દઇ ઓપી રે, વર્નાક્યૂલર. ૧૧
બહુ જાણપણે કરિ જુગતી રે, વર્નાક્યૂલર.
કરી પાંચ વર્ષમાં પુખતી રે, વર્નાક્યૂલર. ૧૨
પ્રતિપાળપણાની છાપે રે, વર્નાક્યૂલર.
થયા એલફિનસ્તન આપે રે, વર્નાક્યૂલર. ૧૩
હીંમતથી હરકોર બાઇએ રે, વર્નાક્યૂલર.
ભલપણથી હીમાભાઇએ રે, વર્નાક્યૂલર. ૧૪
દઇ દીધા દામ હજારો રે, વર્નાક્યૂલર.

---

૧ અમદાવાદ.

સમજીને સરસ સુધારો રે, વર્નાક્યૂલર. ૧૫
બહુ કીર્ત્તિ બુદ્ધિ પ્રકાશે રે, વર્નાક્યૂલર.
પોહોચાડી સજ્જન પાસે રે, વર્નાક્યૂલર. ૧૬
જેની ચંચળ કવિતા ચાલી રે, વર્નાક્યૂલર.
કોઈ ગામ રહ્યું નહિ ખાલી રે, વર્નાક્યૂલર. ૧૭
જેની ચલગત ચાલ તપાસી રે, વર્નાક્યૂલર.
શીખ્યા મુંબાઇના વાસી રે, વર્નાક્યૂલર. ૧૮
કરી કુમારિઓને કાજે રે, વર્નાક્યૂલર.
નિશાળો સમજુ રાજે રે, વર્નાક્યૂલર. ૧૯
જેમ ઊગે રવિ આકાશે રે, વર્નાક્યૂલર.
ઉદ્યોગ કરે સહુ આશે રે, વર્નાક્યૂલર. ૨૦
જેજે કાંઇ કરે સુધારો રે, વર્નાક્યૂલર.
તે વળતી થાય વધારો રે, વર્નાક્યૂલર. ૨૧
એમ દેશ સુધરશે આખો રે, વર્નાક્યૂલર.
રૂદયામાં નિશ્ચય રાખો રે; વર્નાક્યૂલર. ૨૨
એ કામ ધિરજ ધરિ ધરવું રે, વર્નાક્યૂલર.
પરમેશ્વર પ્રીતે કરવું રે, વર્નાક્યૂલર. ૨૩
કમ્મર બાંધી એ કામે રે, વર્નાક્યૂલર.
દિલ દીધું દલપતરામે રે, વર્નાક્યૂલર. ૨૪

વહેમ તજવાની ગરબી. ૧૧

"જે કોઇ અંબિકાજી માતને આરાધશેરે લોલ."

એ રાગની.

સુણો શીખવા વિવેક એક વાતડી રે લોલ;
ફુટે મૂર્ખપણું છેક ખુલે છાતડી રે લોલ. ૧

ગુંથ્યા ગુણ ભરેલા ગ્રંથભણો ભાવથી રે લોલ;
પામો સ્ત્રી સતીના પંથ તે પ્રભાવથી રે લોલ. ૨
તજો વહેમ ભરી વાચ[1] વહેમિયે કહીરે લોલ;
ભૂત પ્રેતને પિશાચ સાચ છે નહીં રે લોલ. ૩
દોરા ચીઠી મંત્ર જંત્ર જૂઠ જાણજો રે લોલ;
આશા ટૂચકાના તંત્રમાં ન આણજો રે લોલ. ૪
દેતાં દાગ કરે કામ દેવ દેવિગો રે લોલ;
ઠેલે લોક ઠામ ઠામ વાત એવિયો રે લોલ. ૫
કરી મેખ વખં કુંભ ઠગે જોશિયો રે લોલ;
ઝાડા ઊંજણીને દંભ ઠગે ડોશિયો રે લોલ. ૬
કૈક પુત્ર પુત્રી કાજ ખત્તા ખાયછે રે લોલ;
તજી લાજ જોગીરાજ પાસ જાયછે રે લોલ. ૭
વશીકરણ તણી વાતથી લુટાય છે રે લોલ;
ભોળી ભામનીની જાત તે ઠગાયછે રે લોલ. ૮
ખરૂં માનીને ખચીત ચીત ચેતજો રે લોલ;
ધારો ગાવા આવાં ગીત હૈયે હેત જો રે લોલ. ૯
જશે ભૂલ ભર્યા ભર્મ મર્મ જાણશો રે લોલ;
પાળવા પવિત્ર ધર્મ ઇચ્છા આણશો રે લોલ. ૧૦
ભજો રાજાધિરાજ મહારાજને રે લોલ;
થશે કાજ વળી આજ પામો લાજને રે લોલ. ૧૧
તજો તુચ્છ જેવી ટેવ અહંમેવતા[2] રે લોલ;
રિઝે દલપતનો દેવ દેવ દેવતારે[3] લોલ. ૧૨

---

૧ વાણી.૨ હુંપદ. ૩ સઘળા દેવનો પણ દેવતા તે પરમેશ્વર.

ગોર્યો વિષેની ગરબી. ૧૨

"લાવ લાવ સખી એક કાગળ લખિયે હરીનેરે."

એ રાગની.

અમદાવાદ નામે આજ, શેહેર છે સારૂંરે;
રાજા કંપની કેરૂં રાજ, પ્રજાને પ્યારૂં રે. ૧
ચૌટા વચ્ચે માણુકચોક, શોભા સારીરે;
વસે લક્ષપતી બહુ લોક, વડા વેપારી રે. ૨
નદી સાભ્રમતી વહે નીર, શેહેર સમીપે રે;
દેવતાઓનાં તેને તીર, દેવળ દીપે રે. ૩
એવી જુગતીઓ જોતાં અનેક, મન લાગે મીઠૂં રે;
પણ અચરજ મોટું એક, દૃષ્ટિએ દીઠૂં રે. ૪
તિથિ તેરશ પેહેલે પક્ષ, અષાડી આવે રે;
ત્યારે ગોરચ પૂજ્યાનો લક્ષ, છોડિયો લાવે રે. ૫
દિન પાંચ લગી એક અંન, મોળું જમેછે રે;
મોટો હરખ ધરીને મંન, રોજ રમેછે રે. ૬
પૂજે વાવી જવારા ઘેર, ગોરચ રીઝાવા રે;
જાય પ્રીતે મળી બહુ પેર, નદિયે ના'વા રે. ૭
અન્યો અન્ય કરે ઉદમાત, નઠારૂં બકેછે રે;
ગઇ ગોરચ પુજાની વાત, છાકી છકેછે રે. ૮
જેવી હોય હોળીની ઘેર, એથી અતીશે રે;
બોલે ભડવાની પુત્રિયોપેર, દુષ્ટતા દીસે રે. ૯
તેનાં માત પિતાને ભ્રાત, પુરાં હશે પાજી રે;
જ્યારે સાંભળતાં હશે વાત, થતાં હશે રાજી રે. ૧૦
કોઈ સાહેબ એવી વાત, દેખે એ રીતે રે;

તેનાં માત પીતાની જાત, પુછેછે પ્રીતે રે. ૧૧
ત્યારે કેવી વધેછે લાજ, મળે સાબાશી રે;
એવા નિર્લજ લોકો આજ, શહેરના વાસી રે. ૧૨
કરૂં વિનતિ સમાચારપત્ર, શ્રવણે ધરજે રે;
તેનાં નામ લખી સરવત્ર, જાહેર કરજે રે. ૧૩
ઘણી નિંદાના લખજે શ્લોક, દેખાડજે નીતી રે;
જેથી લાજ પામે એ લોક, તજે તે રીતીરે. ૧૪
હવે કહુંછું જોડીને હાથ, વિવેકીને ગમવા રે;
એવી નિર્લજ છોડિયો સાથ, ન જાવું રમવા રે. ૧૫
લૈને ગોરચ પૂજ્યાનું નામ, કામ એ કરવું રે;
મોટું પાપ ઠરે એ ઠામ, દિલમાં ડરવું રે. ૧૬
ધરો મોટો હરખ મનમાંહી, વ્રતદીનજે દી રે;
પણ કૂટવા રોવાનું કાંઇ, ન કરવું તે દી રે. ૧૭
છોટાપણમાં પડે જે ટેવ, ટળે નહીં ટાળી રે;
માટે નીતી શિખો તતખેવ, બોલો સંભાળી રે. ૧૮
કદી પૂરિયે નહિ કોઈ ઠામ, સાહેદી જૂઠી રે;
લૈયે પરમેશ્વરનું નામ, પ્રભાતે ઊઠી રે. ૧૯
પતિ માત પિતાની સેવ, કોડે કીજે રે;
જેથી દલપતરામનો દેવ, દિલમાં રીઝે રે. ૨૦

સુંદરબાઇને સાસરે જતાં શીખામણની ગરબી. ૧૩

"અચકો મચકો કારેલી."

એ રાગની.

સુંદરબાઈ ચાલ્યાં સાસરિયે;

મા બાપ શિખામણ આપે બેહેન, લાજ વધારજો લાખેણી.
નીચા કુળની નિર્લજ નારી;
ભરથારનું વેણુ ઉથાપે બેહેન, લાજ. ૧
સાસુજી કહે તે સાંભળજો;
ક્રોધથી વડવાડ નકરશો બેહેન, લાજ.
સાંખી રહેજો બોલ્યું સહુનું;
અભિમાન ન અંતર ધરશો બેહેન, લાજ. ૨
ઘરમાં બેઠાં ધંધો કરિયે;
પરઘેર ઘણું નવ જઈયે બેહેન, લાજ.
તમે ભણ્યાં ગણ્યાં બહુ છો ડાહ્યાં;
તમને ઝાઝૂં શૂં કહિયે બેહેન, લાજ. ૩
મેલાં ઘેલાં તો નવ રહિયે;
ચટકો મટકો નવ કરિયે બેહેન, લાજ.
કોઈ વાત કરે વાંસે લોકો;
એવૂં ન કદી આચરિયે બેહેન, લાજ. ૪
જે સપૂત છે સારી છોડી;
મા બાપની લાજ વધારે બેહેન, લાજ.
મણિ લોહ તણૂં સોનૂં કરશે;
સોબતિને એમ સુધારે બેહેન, લાજ. ૫
જે સંપ સગાથી તોડેછે;
કોઈ વખતે હાથ ઘસેછે બેહેન, લાજ.
જે સહુનૂં સારૂં ઈચ્છેછે;
તેના દલમાં દેવ વસેછે બેહેન. લાજ. ૬

સાહેલીને શીખામણની ગરબી. ૧૪

"મા પાવા તે ગઢથી ઉતરય મા કાળીરે."

એ રાગની છે.

સુતાં ઉઠી શુભ રીતથી, સાહેલીરે.
પરમેશ્વર ભજવા પ્રીતથી, સાહેલીરે. ૧
પછી દાતણુ પાણી થાયછે, સાહેલીરે.
જેથી દુરગંધી જાયછે, સાહેલીરે. ૨
નાહાવું નિત્ય નિર્મળ નીરથી, સાહેલીરે.
સઘળા જાય મેલ શરીરથી, સાહેલીરે. ૩
સંતોષે જમિયે જે મળ્યું, સાહેલીરે.
નહિ ખાઇએ નિત્ય ગળ્યું ગળ્યું, સાહેલીરે. ૪
પટકુળ ઝીણાં નહિ પેહેરીયે, સાહેલીરે.
ગાવા ન જવું પર શેરિયે, સાહેલીરે. ૫
આભરણ[1] ઝાઝાં નહિ ઈછિયે, સાહેલીરે.
સદગુણની શોભા પ્રીછિયે, સાહેલીરે. ૬
નિર્લજની સોબત છોડિયે, સાહેલીરે.
વહાલાથી વેર ન જોડિયે, સાહેલીરે. ૭
સઘળું સરખું નહિ લેખિયે, સાહેલીરે.
દલમાં ડાહ્યાં થઇ દેખિયે, સાહેલીરે. ૮

ભરત ચિત્ર શીખવાની ગરબી. ૧૫

"અલબેલી રે અંબે માત જોવાને જઈએ."

એ રાગની.

આવો આવો રે શિખિયે આજ, ભરતજ ભરવાને;

---

૧ ઘરેણાં.

લાવો લાવો રે સઘળો સાજ, ચિતર ચિતરવાને. ટેક.
ચિતર ચિતરવાને ભરતજ ભરવા, માતપિતા મન હરવારે;
જગકરતાના કરતવ્યને, કાંઈ કાંઈ ઉત્તેજન કરવા; ભરતજ. ૧
પોપટ ચિતરો ને પાંજરૂં ચિતરો, ચિતરો ગાયો ચરવારે;
ફૂલ ઝાડે ફૂલડાં ચિતરોને, ચિતરો આંબે મરવા; ભરતજ.૨
ચતુર મનુષ્યના ચેહેરા ચિતરો, સજ્જનને સાંભરવારે;
ચિતરો મંડપ ચોરી મધ્યે, વર વહુ બેઠાં વરવા; ભરતજ.૩
ભણતર ભણતી કુંવરી ચિતરો, શિખતી પાઠ સુધરવારે;
પનઘટની પાણિયારી ચિતરો, હોય જતી જળ ભરવા;ભરતજ.૪
નિર્મળ જળની નદિયો ચિતરો, ચિતરો ગિરિવર ગરવારે;
નાટકશાળામાં નટ ચિતરો, ચિતરો નરપતિ નરવા; ભરતજ.૫
પરવતના પાયામાંથી જે, ઝરણાં લાગે ઝરવારે;
તે ચિતરિને હિમગિરિ ચિતરો, ઠંડકથી જળ ઠરવા; ભરતજ.૬
શીતળ વાયુ વાય શિયાળેને, લાગે પાન વિખરવારે;
વૈશાખે વનવેલી ફુલેને, જળ વરસે ભાદરવા; ભરતજ. ૭
ચિતરોને સજની મોતની મૂર્ત્તિ, દુષ્ટ કરમથી ડરવારે;
ભાવે પ્રભુના ભજનિક ચિતરો, અવસર અંત ઉગરવા;ભરતજ.૮
રતન સહિત રતનાગર ચિતરોને, ચિતરો નાવ ઉતરવા રે;
સુત ધવરાવતિ સુંદરી ચિતરો, પ્રીતે પુત્ર ઉછરવા; ભરતજ. ૯
ઝમરૂખ ચિતરોને હાંડિયો ચિતરો, ભોંય જાજમ પાથરવારે;
ખૂબસુરતની છબિયો ચિતરો, રંગમેહેલમાં ધરવા; ભરતજ.૧૦
વિધ વિધનાં કાંઇ વાસણ ચિતરો, ઘરમાં ઘણું વાપરવારે;
ગાડિ બગીને ચારઠ ચિતરો, સાંજ સવારે ફરવા; ભરતજ. ૧૧
ચિતરથકી ચિત ચીંતા ટળવા, શોક સકળ પરહરવારે;

દલપતરામ કહે દુનિયામાં, સુખથી દિવસ નિસરવા; ભરતજ.૧૨

ભરથાર વશ કરવાની ગરબી. ૧૬

"અલબેલી રે અંબે માત જોવાને જઈએ."

એ રાગની.

લક્ષનાં નહિ થાય લગાર, કામણ મંત્ર કશે;
આ મંત્ર કરો ઉચ્ચાર, વશ ભરથાર થશે. ટેક.
પ્રાણથકી પિયુજી છો પ્યારા, ન્યારા ન રહો નાથ રે;
સર્વ થકી લાગોછો સારા, હું વેચાઉ તમ હાથ; કામણ. ૧
તન મનમાં રહુ સાજી તાજી, રાજી દેખૂં રાજ રે;
જો કદિ જાણું કાંઇ કુરાજી, ડૂબ્યાં દરિયે જહાજ: કામણ. ૨
માત પિતાએ મોટી કરિને, હેતે સોંપ્યો હાથ રે;
સુખઆપો કે દુઃખ આપો તમે, છો મસ્તકના નાથ; કામણ. ૩
ગુણસાગર ગંભિર છો સ્વામી, હું અવગુણ ભરિ આજરે;
પોતાની ગણિ પ્રેમ નિભાવો, બાંહ્ય ગ્રહ્યાની લાજ; કામણ.૪
સ્નેહ તમારો જોઇને સ્વામી, જામી મીલકત જેમરે;
ખૂબ ખુશી થૈ ન રહી ખામી, પામી પૂરણ પ્રેમ; કામણ. ૫
ભલૂં કરયું ભગવંતે મારો, સુફળ કરયો અવતારરે;
મેહેર કરી મન ગમતો આપ્યો, તમ સરખો ભરથાર; કામણ.૬
સગાં સરવ તમ સારૂ તજીયાં, તજીયા સૈયર સંગરે;
દોસ્તિ સરવની દૂર કરી હું, રાચિ તમારે રંગ; કામણ. ૭
આભ ઊંચો ને નીચે અવની, અવર નથી આધારરે;
આશા રાખૂં એક તમારી, છો સુખના દાતાર; કામણ. ૮

જો સુંદરિને રીઝે સ્વામી, તો શોભે શણુગારરે;
નહિતો તે શણુગાર સરવ છે, આગ તણા અંગાર; કામણ. ૯
દુનિઆમાં નર તમને દેખું, બીજા લાલ ફકીરરે;
તુચ્છગણુંછું તે સઘળાને, હોય અમીર વજીર; કામણ. ૧૦
જળ જંતૂને જળ સંગાતે, જેવી પૂરણ પ્રીતરે;
પલક પડે જો દૂર તરફડે, એજ અમારી રીત; કામણ. ૧૧
પાર ન લે પ્રીતી વરણવતાં, સ્થિર બેશી એક ઠામરે;
રાત દિવસ કવિતા રચના જો, રચશે દલપતરામ.કામણ. ૧૨

લગ્નમાં ફટાણાં ન ગાવા વિશેનું ગીત. ૧૭

"ધોળકામાં ધરમશી ફૂલતો, મેઘાડંબર ગાજે"
એ રાગનું.

આવો સૈયર બાઈ બેનડી, ગાઈયે ગીત રૂપાળાં;
મંડપમાં મેલો દીવડો, ભલાં થાય અજવાળાં. ૧
આજ ઘડી આનંદની, આજ રજની રૂપાળી;
સોનાનો સૂરજ ઉગિયો, આજ દિવસ દિવાળી. ૨
ગાઈયે ગીત ભલાં ભલાં, વેવાણોને હરવિયે;
બોલ બેઅદબી નબોલિયે, જેથી જાત લજવિયે. ૩
કોળી નાળીના કૂળની, એતો ગાય નઠારૂં;
આપણે ઉત્તમ જાતનાં, નહિ ગાઇએ નઠારૂં. ૪
જાત ને ભાત તો જાણિયે, બોલે બોલ જે ઘડિયે;
બોલે નઠારૂં તો નાયકા, એમાં આપાં ન પડિયે. ૫
ઉત્તમ જાતની ઓરતો, ખોટું ગાતાં લજાશે;

મધ્યમ જાતની માનની, ગીતે મશ્કરી ગાશે. ૬
મશ્કરી પણ મરજાદની, આપણિ એમ ન બોલો;
જરૂર ફટાણાની હોય જો, કહુ એટલું બોલો. ૭
વેવાણને કરો વાંદરી, ગાંઠ પુંછડે વાળો;
વેરાગી કહીયે વેવાઇને કાંધે કાંબળો કાળો. ૮
એથી અધિક વિધે ઓચરે, નીચી જાતમાં ભળવા;
બાપ ભાઇ બેઠા સાંભળે, જેવા વેશ્યાના ભડવા. ૯
ધીક પડયો અવતાર એ, શબ્દ શું કહિયે જાદા;
કામની નહિ એતો કૂતરી, મર્દ નહિ એતો માદા. ૧૦
સારી શિખામણ ગાઈયે, જેથી રામજી રીઝે;
દસકત દલપતરામના, દિલમાં લખી લીજે. ૧૧

રૂશણું તોડવાની ગરબી. ૧૮

"હુંતો ઇશ્વરને પૂજવાને નીસરીરે લોલ, ચોખા કકાવટી વીસરીરે લોલ."

એ રાગની.

કહું તે સખી તું કોઈને કહીશમાંરે લોલ,
કાલે રહ્યાના કંથ રીસમાં રે લોલ.
એકે બોલ ન આવ્યો મારા ઉચ્ચારમાં રે લોલ.
તે ઘડિયે હું પડી વિચારમાંરે લોલ. ૧
શાને માટે રિસાયો જાયો સાસુનો રે લોલ,
આંખે પ્રવાહ વહે આંસુનો રે લોલ.
ખાન પાનને ભુલી હું ગીત ગાનને રે લોલ,

ભૂલી શરીર કેરા ભાનને રે લોલ. ૨
દિઠે ફૂલ થાય શુળ તો શરીરમાં રે લોલ,
હેત ગયું તૂટી હીર ચીરમાં રે લોલ;
મને શૂળી સમાન લાગ્યું સાસરૂં રે લોલ,
સૂઝે નહીં જો હવે શું કરૂં રે લોલ. ૩
ચડચો ચાંદો આકાશે ભલા ભાગ્યનો રે લોલ,
ભડકો ઉઠચો તે જાણું આગ્યનો રે લોલ;
મેનાં પોપટ જે બોલે મુખે મીઠડાં રે લોલ,
દુખમાં મેં શત્રૂ જેવાં દીઠડાં રે લોલ. ૪
ભાસે વાડી તો ઝાડી ભયંકારશી રે લોલ,
આંખોના પાટા જેવી આરશી રે લોલ;
હુંતો ઉઠી જઈ બેઠી દિવા આગળે રે લોલ,
કાંઇક પડી ત્યાં નજર કાગળે રે લોલ. ૫
કીધો શોધ તો સ્ત્રિબોધનું ચોપાનિયું રે લોલ,
વાંચવા તે મારૂં મન માનિયું રે લોલ;
ગરબી રૂસણું તોડચાની રૂડા રાગમાં રે લોલ,
ભાળી રૂપાળિ છેલા ભાગમાં રે લોલ. ૬
લઈને ગાવા લાગી હું જીભે જે ઘડિ રે લોલ,
ત્યાંથી ઉઠીને આવ્યા તે ઘડિ રે લોલ;
હેત આણી વખાણી વાણી બોલિયારે લોલ,
દિલમાં હરખીને ઘણું ડોલિયા રે લોલ. ૭
જાણ્યું ધન્યરે ઘડીને ધન્ય રાતડીરે લોલ,
છૂટચો કલેશ ઠરી છાતડી રે લોલ;

ભલે આવ્યો આકાશ ચઢી ચંદ તું રે લોલ,
આપે છે આજ તો આનંદ તું રે લોલ. ૮
એમ વાંચ્યે સ્ત્રીબોધ બોધ ઉપજ્યો રે લોલ.
ભાઇ રે કવિ તારૂં ભલું થજો રે લોલ;
ગરબી સાંભળીને રાખશે જે રૂશણું રે લોલ,
પાપ તેને માથે પૃથ્વિ તણું રે લોલ. ૯
એમાં બુદ્ધિ વિશેષ વાળું જે હશે રે લોલ,
તુર્ત તે અબોલા તજી બોલશે રે લોલ;
વીતી વાર તે લગાર નાવે વાળિને રે લોલ,
સંપે વસો સદા સંભાળિને રે લોલ. ૧૦
નથી વસવું મળીને વર્ષ સો બસે રે લોલ,
પંખીના માળાની પેઠે થશેરે લોલ;
નહિ ક્યારે કલેશ લેશ કીજીએ રે લોલ,
પ્યારેથી પ્રેમરસ પીજીએ રે લોલ. ૧૧
મહા રાજા ધિરાજ તેથી રીજશે રે લોલ,
નહિતો ખરેખરા તે ખીજશે રે લોલ;
રૂદે રાખો રૂડાં દલપતરામનાં રે લોલ,
કોટી પ્રકારે કેણુ કામનાં રે લોલ. ૧૨

સમાપ્ત.